ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ,
**(A Government of Gujarat Undertaking)**
"જલસેવા ભવન" છ- રોડ, એરફોર્સ સ્ટેશન સામે, સેકટર- ૧૦- એ, ગાંધીનગર

નિરવ પી.સાલંકી
મુખ્ય ઇજનેર
(ઓપરેશન સેલ)

વેબસાઇટઃ- www.gwssb.gujarat.gov.in,
ઇ-મેઇલઃ- cematerial001@gmail.com, gwssb.opcell@gmail.com, gwssb.techcell@gmail.com
ટેલીફોન નં- ૨૩૨૨૨૫૪૭

જા.નં./ઓપ.સેલ/ ૫ વર્ષ M&R/સુધારો ૩૫૨ તા.૩૧ / ૦૭ /૨૦૨૪

પ્રતિ,
મુખ્ય ઇજનેરશ્રી,
ઝોન- ૧, ૨, ૩, ૪, ૫, ૬,
ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ,
વડોદરા, અમદાવાદ, રાજકોટ, કચ્છ-ભૂજ, જુનાગઢ, સુરત.

વિષયઃ- પાણી પુરવઠા બોર્ડ હસ્તકની હયાત જુથ પાણી પુરવઠા યોજનાઓના મરામત અને નિભાવણીના નવિન મોડેલના ડી.ટી.પી. માં સુધારો કરવા બાબત..

સંદર્ભઃ-
1. મુખ્ય ઇજનેરશ્રી, ઓપરેશન સેલ, ગાંધીનગરના પત્ર ક્રમાંકઃ ઓપસેલ/ નવીન O&M ડીટીપી/ ૬૭૮, તા.૧૯/૦૮/૨૦૨૩.
2. મુખ્ય વહીવટી અધિકારીશ્રીના પત્ર ક્રમાંક મુવઅ/ બીએમ- ૩૦૯/ કાર્યવાહી નોંધ/ ૪૧, તા.૨૫/૦૭/૨૦૨૪.

<u>પ્રસ્તાવનાઃ-</u>

પાણી પુરવઠા બોર્ડ હસ્તકની હયાત જુથ પાણી પુરવઠા યોજનાઓના મરામત અને નિભાવણીની નવી નીતિ તા.૧૧/૦૮/૨૦૨૩ ના રોજ યોજાયેલ ૩૦૩ મી બોર્ડ સભ્ય મંડળની બેઠકમાં ઠરાવેલ. પાણી પુરવઠા બોર્ડ હસ્તકની ક્ષેત્રિય કચેરીઓના કાર્યક્ષેત્ર હેઠળની હયાત જુથ પાણી પુરવઠા યોજનાઓના પાંચ વર્ષ માટેના મરામત અને નિભાવણીના ટેન્ડર માટે નવિન મોડેલ ડીટીપી તથા ગાઇડ લાઇનની નકલ અમલીકરણ અર્થે ક્ષેત્રિય કચેરીઓને સંદર્ભ-૧ ના પત્રથી પ્રસિધ્ધ કરવામાં આવેલ.

- બોર્ડના મરામત અને નિભાવણીના નવિન મોડેલ ડીટીપીમાં જુથ પાણી પુરવઠા યોજનાઓની મરામત અને નિભાવણીની કામગીરીને પાર્ટ- એ, બી તથા સી માં વિભાજીત કરી પાર્ટ-સી માં જરૂરીયાત મુજબ નવિન કામગીરીની જોગવાઇ રાખવામાં આવે છે. આમ, ટેન્ડરની અંદાજીત કીંમત મોટાભાગે રૂ.૭/- કરોડ કરતાં વધારે થાય છે. આ ઉપરાંત, આ પધ્ધતિ ના આધારે બહાર પાડેલ ટેન્ડરોમાં ઝોનલ મુખ્ય ઇજનેરશ્રીઓ સાથે સમયાંતરે થયેલ ચર્ચા અન્વયે તથા માન. મંત્રીશ્રીના પત્રોથી GEM ફેડરેશન ઓફ કોન્ટ્રાકટર, અમદાવાદે કરેલ રજુઆતો અન્વયે બોર્ડને O&M ટેન્ડરના કવોલીફીકેશન ક્રાયટેરીયા બાબતે પુનઃ વિચારણા કરવા સુચન કરેલ છે.

- આ અંગે તા.૨૦/૦૭/૨૦૨૪ ના રોજ યોજાયેલ ૩૦૯ મી બોર્ડ સભ્ય મંડળની બેઠકના ઠરાવ નં- ૧૫ માં બોર્ડ દ્વારા નવિન ઓ. એન્ડ એમ. ના મોડલ ટેન્ડર ડોક્યુમેન્ટમાં પણ કોન્ટ્રાકટરના કલાસ ઓફ રજીસ્ટ્રેશન માટે R & B, સિંચાઇ વિભાગ તેમજ SSNNL દ્વારા અનુસરવામાં આવતી પધ્ધતિને અપનાવવું સમીતીના સભ્યો દ્વારા યોગ્ય જણાયેલ છે.

આદેશ:-

પાણી પુરવઠા બોર્ડ હસ્તકની હયાત જુથ પાણી પુરવઠા યોજનાઓના મરામત અને નિભાવણીના નવિન મોડેલના બીડ ડોક્યુમેન્ટમાં ક્લાસ ઓફ રજીસ્ટ્રેશનમાં "Eligibility of contractor 4.2.1 General Eligibility Criteria" માં નીચે મુજબનો સુધારો કરવા ઠરાવવામાં આવ્યુ.

| Sr No | Existing condition in clause no. 4.2.1 | Revised clause no. 4.2.1 proposed |
|---|---|---|
| 1 | The bidder must have a valid registration as "A" Class or above as Civil or Electrical Contractor in R & B / Water Resources Department, Government of Gujarat | The bidder must have a valid registration as "A" Class Upto Rs. 7.00 crores and above Rs. 7.0 Crores - "AA" Class or equivalent as Civil or Electrical Contractor in R & B / Water Resources Department, Government of Gujarat. |

હવે પછીની પાણી પુરવઠા બોર્ડ હસ્તકની હયાત જુથ પાણી પુરવઠા યોજનાઓના મરામત અને નિભાવણીના નવિન મોડેલ ડી.ટી.પી. ના બીડ ડોકયુમેન્ટમાં ક્લાસ ઓફ રજીસ્ટ્રેશન માટે ઉપર મુજબ પ્રાવધાન રાખી નીતિમાં સુધારો કરી અમલીકરણ કરવાનું રહેશે.

(નિરવ પી. સોલંકી)
મુખ્ય ઇજનેર (ઓપરેશન સેલ)

નકલ સાદર રવાના પ્રતિ,

- માન. અગ્ર સચિવશ્રી (પા.પુ). નર્મદા. જળસંપતિ. પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ. બ્લોક નં- ૭. નવમો માળ. સચિવાલય. ગાંધીનગર.
- માન. અધ્યક્ષશ્રીના કાર્યકારી સચિવશ્રી. ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ. ગાંધીનગર.
- માન. સભ્ય સચિવશ્રી. ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ. ગાંધીનગર.
- મુખ્ય કારોબારી અધિકારીશ્રી. વાસ્મો. બોર્ડ કચેરી. ગાંધીનગર.
- મુખ્ય ઇજનેરશ્રી. ટેકનીકલ સેલ/ યાંત્રિક શાખા. ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ. ગાંધીનગર.
- પ્રોજેક્ટ ડાયરેક્ટરશ્રી. અર્બન સેલ. ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ. ગાંધીનગર.
- નાણાં નિયંત્રકશ્રી. ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ. ગાંધીનગર.
- માસ્ટર ફાઇલ.